# MISSION SAGAR: A major Milestone in India's Engagement with IOR Countries

July 01, 2020

## મિશન સાગર: આઈઓઆર દેશો સાથે ભારતનાં સંબંધમાં એક મોટું સીમાચિહ્ન

જુલાઈ 01, 2020

1. 'મિશન સાગર' પર હિંદ મહાસાગર ક્ષેત્રમાં તૈનાત આઈએનએસ કેસરી, 55 દિવસોમાં 7,500 સમુદ્રી માઈલથી વધારે પ્રવાસ કરીને 28 જૂન, 2020 નાં રોજ ભારત પરત ફર્યું.

2. 10 મે 2020 નાં રોજ શરૂ કરવામાં આવેલું, મિશન સાગર હિંદ મહાસાગર ક્ષેત્રમાં આવેલા દેશોને કોવિડ-19 સંબંધિત સહાયતા પ્રદાન કરવાની ભારતની પહેલ હતી. આ મિશનનાં ભાગરૂપે, આઈએમએસ કેસરીએ કોવિડ કટોકટીમાંથી બહાર આવવા માટે આપણા સમુદ્રી પાડોશી દેશોને સહાયતા પ્રદાન કરવા માટે શ્રેણીબદ્ધ રૂપમાં માલદીવ, મોરેશિયસ, માડાગાસ્કર, કોમોરોસ અને સેશેલ્સની મુલાકાત લીધી. ભારતની માનવીય સહાયતામાં મોરેશિયસ અને કોમોરોસને આવશ્યક ખાદ્ય પદાર્થો, દવાઓ, આયુર્વેદિક દવાઓ અને તબીબી સહાયતા ટીમો (MAT) તૈનાત કરવાનો સમાવેશ થયો હતો.

3. મિશન સાગર હિંદ મહાસાગર ક્ષેત્રનાં દેશો સાથે આપણા સંબંધોમાં એક મોટું સીમાચિહ્ન છે, જે વડાપ્રધાનનાં દ્રષ્ટિકોણ 'સાગર- સુરક્ષા અને વિકાસ ક્ષેત્રમાં બધા માટે છે' અનુસાર છે.

4. વિદેશ મંત્રાલય માલદીવ ગણરાજ્ય, મોરેશિયસ ગણરાજ્ય, માડાગાસ્કર ગણરાજ્ય, કોમોરોસ સંઘ અને સેશેલ્સ ગણરાજ્યની સરકારોની આ મિશનને તેઓનાં હુંફાળા પ્રતિસાદ અને લોજિસ્ટિકલ સહાયતા માટે મદદ અને એકતાની અંતઃકરણપૂર્વક પ્રસંશા કરે છે.

**નવી દિલ્હી**
**જુલાઈ 01, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.